# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર - ૬

## જવાબપત્ર - ૬

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(વડતાલ, વિઠોબા, રામપ્રતાપ, મંગળવાર, સરયૂદાસ, જેતલપુર)**

**૧.** મહારાજે **જેતલપુર** અહિંસક યજ્ઞ કર્યો.

**૨.** મહારાજે શિક્ષાપત્રી **વડતાલ** ગામમાં લખી.

**૩.** ઘનશ્યામના મોટાભાઈનું નામ **રામપ્રતાપ** હતું.

**૪.** મુક્તાનંદ સ્વામીએ નીલકંઠનું નામ **સરયૂદાસ** પાડ્યું.

**૫.** અમદાવાદના સૂબાનું નામ **વિઠોબા** હતું.

**વિભાગ-બ**

**(ગુણાતીતાનંદ સ્વામી, મંદિર, અક્ષરધામ, ભગતજી મહારાજ, આળસ, ઘરમંદિર)**

**૬.** આપણે તો **અક્ષરધામ** માં જાવું છે. એવો એક સંકલ્પ રાખવો.

**૭.** સ્વામીની વાતો એટલે **ગુણાતીતાનંદ સ્વામી** ની વાતો.

**૮.** શાસ્ત્રીજી મહારાજના ગુરુ **ભગતજી મહારાજ** હતા.

**૯.** ભગવાનના ઘરને **મંદિર** કહેવાય.

**૧૦.** અભ્યાસમાં **આળસ** ન કરવી જોઈએ.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| ૧. | જ્ઞાનીનું નિશાન ગ્રંથ છે. | ૧. | ✓ |
| ૨. | પિબક સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત હતો. | ૨. | ✗ |
| ૩. | આરતી પ્રેમાનંદ સ્વામીએ બનાવી છે. | ૩. | ✗ |
| ૪. | 'રુ' એટલે અંધકાર. | ૪. | ✗ |
| ૫. | જૂનાગઢમાં મહારાજે હાથી પર બેઠા બેઠા કાકડી ખાધી. | ૫. | ✓ |
| ૬. | રામાનંદ સ્વામીએ નીલકંઠર્ણીને દીક્ષા આપી નારાયણમુનિ નામ પાડ્યું. | ૬. | ✓ |
| ૭. | મૂળ અક્ષરમૂર્તિ એટલે ગોપાળાનંદ સ્વામી. | ૭. | ✗ |
| ૮. | બાંશી ગામમાં નીલકંઠવર્ણીએ પોતાની વાણીને શાપ આપ્યો. | ૮. | ✓ |
| ૯. | મહારાજના સાધુઓ પૈસાને અડે નહિ. | ૯. | ✓ |
| ૧૦. | અંગ દેખાય એવા વસ્ત્રો પહેરવા જોઈએ. | ૧૦. | ✗ |

**પ્ર.3 નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

૧. કોની ઈચ્છા વગર કોઈ સાજું-માંદું થતું નથી ?

(૧) ભૂવાની (૨) ભગતની **(3) પરમાત્માની** — ૧. [ 3 ]

૨. પાટલા પરની ત્રણ ચીજમાંથી ઘનશ્યામે શું ઉપાડ્યું ?

**(૧) ગ્રંથ** (૨) તલવાર (૩) સોનામહોર — ૨. [ ૧ ]

૩. ભૂલી પડેલી બકરી ક્યાં જઈને આરામથી બેઠી ?

(૧) ગુફામાં (૨) જંગલમા **(3) સિંહના પંજામાં** — ૩. [ 3 ]

૪. મગનીરામ કયા દેશનો હતો ?

**(૧) દ્રવિડ** (૨) દક્ષિણ (૩) નેપાળ — ૪. [ ૧ ]

૫. કેટલા વર્ષની ઉંમરે ઘનશ્યામે પંડિતોની સભા જીતી ?

(૧) ૯ **(૨) ૧૦** (૩) ૭ — ૫. [ ૨ ]

૬. છડી સવારીએ બાળક મહારાજને શું આપવા આવ્યો ?

(૧) ચીકૂ (૨) કેળા **(3) કાકડી** — ૬. [ 3 ]

૭. જયરામદાસને નીલકંઠના દર્શન છેલ્લે ક્યાં થયા ?

**(૧) લોજમાં** (૨) માંગરોળમાં (૩) છપૈયામાં — ૭. [ ૧ ]

૮. ઘનશ્યામને મારવા જતા કોણ મરાયો ?

(૧) કાલિય (૨) કૌશિક **(3) કાલિદત્ત** — ૮. [ 3 ]

૯. જોબનપગી મહારાજની ઘોડી ચોરવા ક્યાં ગયો ?

(૧) જેતલપુર **(૨) ડભાણ** (૩) વરતાલ — ૯. [ ૨ ]

**૧૦.** સહજાનંદ સ્વામીએ કોને સ્વામિનારાયણ મંત્રથી સમાધિ કરાવી ?

(૧) શામળદાસને (૨) શામજીદાસને **(૩) શીતળદાસને** **૧૦.** 3

**૧૧.** જંગલમાં અડધી રાત્રે નીલકંઠ પાસે કયું પ્રાણી આવ્યું ?

**(૧) ઝરખ** (૨) વાઘ (૩) વરૂ **૧૧.** ૧

**૧૨.** શિક્ષાપત્રી એટલે ?

**(૧) દર્પણ** (૨) સ્વાધ્યાયપોથી (૩) ધર્મપ્રતીક **૧૨.** ૧

**૧૩.** કયા ગામમાં નીલકંઠવર્ણીને રામાનંદ સ્વામીએ દીક્ષા આપી ?

(૧) જેતપુર (૨) લોજ **(૩) પીપલાણા** **૧૩.** 3

**૧૪.** મહારાજની સવારી કયા ગામમાં નીકળી હતી ?

(૧) જામનગર **(૨) જૂનાગઢ** (૩) જેતપુર **૧૪.** ૨

**૧૫.** ઘનશ્યામના જન્મથી કયુ ગામ તીર્થ બની ગયું ?

(૧) અયોધ્યા **(૨) છપૈયા** (૩) મથુરા **૧૫** ૨

**૧૬.** કયા બ્રાહ્મણને મહારાજે ફરીવાર સજીવન કર્યો ?

**(૧) પ્રાણવલ્લભ** (૨) સિધ્ધવલ્લભ (૩) અમૃતવલ્લભ **૧૬.** ૧

**૧૭.** રામપ્રતાપભાઈએ ગુજરાતમાં ઘનશ્યામને કયા રૂપે જોયા ?

(૧) નારાયણ **(૨) સહજાનંદ** (૩) નીલકંઠ **૧૭.** ૨

**૧૮.** ગાદીએ બેસાડવાના ઉત્સવને શું કહે છે ?

(૧) રાજ્યાભિષેક (૨) પાટોત્સવ **(૩) પટ્ટાભિષેક** **૧૮.** 3

**૧૯.** રામાનંદ સ્વામીના જુનામાં જુના શિષ્ય કોણ હતા ?

**(૧) મુક્તાનંદ સ્વામી** (૨) શિવાનંદ સ્વામી (૩) સહજાનંદ સ્વામી **૧૯.** ૧

**૨૦.** કેટલા વર્ષની ઉંમરે ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો ?

(૧) ૧૦ **(૨) ૧૧** (૩) ૧૨ **૨૦.** ૨

**૨૧.** મગનીરામને દીક્ષા આપી શું નામ પાડ્યું ?

(૧) અદ્‌ભુતાનંદ (૨) આનંદાનંદ **(૩) અદ્વૈતાનંદ** **૨૧.** 3

**૨૨.** નીલકંઠ વર્ણીએ કેટલા વર્ષ વન-વિચરણ કર્યું ?

(૧) ૧૧ **(૨) ૭** (૩) ૯ **૨૨.** ૨

**૨૩.** ગધેડાની ગાય કોણ બન્યું ?

(૧) મૂંજો **(૨) જોબન** (૩) મગનીરામ **૨૩.** ૨

**૨૪.** કયા ગામમાં મહારાજનું અપમાન થયું ?

(૧) અમદાવાદ **(૨) આણંદ** (૩) વડોદરા **૨૪.** ૨

**૨૫.** કૃષ્ણતંબોળીએ નીલકંઠને સરોવરમાંથી શું કાઢીને જમાડ્યું ?

(૧) શિંગોડા (૨) પરાગરજ **(૩) કમળકાકડી** **૨૫.** 3

૨૬. પંઢરપુરના ભક્ત કોણ થઈ ગયા ?

**(૧) પુંડરીક** (૨) ખુશાલ ભટ્ટ (૩) મીરાબાઈ — ૨૬. | ૧ |

૨૭. અયોધ્યામાં ઘનશ્યામના ક્યા બે મંદિરો માનીતા હતા ?

**(૧) રામજી-હનુમાનજી** (૨) ગણપતિ-હનુમાનજી (૩) રાધાકૃષ્ણ-માતાજી — ૨૭. | ૧ |

૨૮. રામાનંદ સ્વામી અને નીલકંઠનો પ્રથમ મેળાપ ક્યાં થયો હતો ?

(૧) લોજમાં **(૨) પીપલાણામાં** (૩) માંગરોળમાં — ૨૮. | ૨ |

૨૯. સાધુઓ ધ્યાનમાં બેઠા ત્યારે ઝાડ ઉપરથી શું પડ્યું ?

(૧) પક્ષીનો માળો (૨) અજગર **(૩) સાપ** — ૨૯. | ૩ |

૩૦. શ્રીજીમહારાજ ક્યારે સ્વધામ પધાર્યા ?

**(૧) જેઠ સુદ-૧૦** (૨) જેઠ સુદ-૧૧ (૩) ચૈત્ર સુદ-૧૦ — ૩૦. | ૧ |

૩૧. તેજાભાઈ વણકર કયા ગામના હરિભક્ત હતા ?

(૧) દાસજ **(૨) છાણી** (૩) વડોદરા — ૩૧. | ૨ |

૩૨. લોજમાં કોનો આશ્રમ હતો ?

(૧) મુક્તાનંદ બાબાનો (૨) રામદાસનો **(૩) રામાનંદ સ્વામીનો** — ૩૨. | ૩ |

૩૩. ઝાડને ઠુંઠું કરવા પિબકે શેના દાણા ઝાડ પર નાંખ્યા ?

**(૧) અડદના** (૨) મગના (૩) જઉંના — ૩૩. | ૧ |

૩૪. નીલકંઠ વર્ણી જમીન પર શું પાથરીને સૂઈ જતા ?

(૧) ચાદર (૨) ઘાસ **(૩) મૃગચર્મ** — ૩૪. | ૩ |

૩૫. ઘનશ્યામ કોની પાસે વિદ્યા ભણતા ?

**(૧) ધર્મદેવ** (૨) માર્કંડેય (૩) કૃપાચાર્ય — ૩૫ | ૧ |

૩૬. રાજાનું નિશાન શું છે ?

(૧) સિંહાસન **(૨) છરી** (૩) રાજ્ય — ૩૬. | ૨ |

૩૭. રામનવમી એટલે ?

**(૧) ચૈત્ર સુદ નોમ** (૨) માગશર સુદ નોમ (૩) જેઠ સુદ નોમ — ૩૭. | ૧ |

૩૮. શું આપે તે સાચા ગુરુ ?

(૧) ધન **(૨) જ્ઞાન** (૩) પ્રકાશ — ૩૮. | ૨ |

૩૯. અંતકાળે મહારાજે જૂનાગઢથી કોને બોલાવ્યા ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામીને** (૨) મુક્તાનંદ સ્વામીને (૩) બ્રહ્માનંદ સ્વામીને — ૩૯. | ૧ |

૪૦. ઘુમ્મટ નીચેના ભાગને શું કહેવાય છે ?

**(૧) મંડપ** (૨) પ્રદક્ષિણા (૩) શિખર — ૪૦. | ૧ |

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો.** **[૧૦]**

**૧.** સહજાનંદ સ્વામીએ શીતળદાસને ક્યો મંત્ર આપ્યો ?

**જ. સહજાનંદ સ્વામીએ શીતળદાસને સ્વામિનારાયણ મંત્ર આપ્યો.**

**૨.** ભગવાન શા માટે વિઠોબા કહેવાયા ?

**જ. પંઠરપુરના ભક્ત પુંડરી કે ભગવાનને ઈંટ ઉપર ઊભા રાખ્યા છે. એટલે ભગવાન વિઠોબા (વીટ એટલે ઈંટ) કહેવાય છે.**

**૩.** શ્રીજી મહારાજ દરેક લોકોનો કેવી રીતે સંભાળ લેતા ?

**જ. સુરજની પેઠે એ સૌને અજવાળું આપે ! વરસાદની પેઠે સૌનો તાપ હરે.**

**૪.** મુક્તાનંદ સ્વામી નીલકંઠને સરયુદાસ શા માટે કહેતા ?

**જ. મુક્તાનંદ સ્વામી નીલકંઠને સરયુદાસ કહેતા કારણ કે તેઓ સરયુ નદીના કિનારે આવેલી અયોધ્યાનગરમાંથી આવતા હતા.**

**૫.** મહારાજને કાકડી ખાતાં જોઈ નવાબ શું બોલી ઉઠ્યો ?

**જ. મહારાજને કાકડી ખાતા જોઈ નવાબ બોલી ઉઠ્યો, ''આ સાધારણ માણસ નથી, કાં ખુદા છે, કાંતો ખુદાનો ઓલિયો છે ! એના વિના આમ છડી સવારીએ કાકડી ખાવાની કોઈની હિંમત ચાલે નહિ!''**

**૬.** ક્યા વિચારથી શીતલદાસ એકમાંથી અનેક બન્યો ?

**જ. શ્રીજી મહારાજ જો તમે સર્વોપરી ભગવાન હો તો મારા અનેક સ્વરૂપ થાય.**

**૭.** આણંદમાં લોકોએ શ્રીજી મહારાજનું કેવી રીતે અપમાન કર્યુ ?

**જ. આણંદમાં લોકોએ મહારાજની સવારી પર છાણ નાંખ્યું, ધૂળ ઉડાડી, કાંકરા, ઢેફાં ને ઈંટાળા નાંખ્યાં. ગાળો દેવામાંયે કંઈ બાકી રાખ્યું નહિ.**

**૮.** અગ્નિદાહ દેતી વખતે કોણ ચિતા પરથી જીવતો થયો ?

**જ. મૃત્યુ બાદ બ્રાહ્મણ પ્રાણવલ્લભ લાકડાની ચિતા પર અગ્નિમુકાય એ પહેલાં બેઠો થઈ ગયો.**

**૯.** સ્વધામગમન પહેલાં મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને પ્રેમથી વાત કરીશું કહ્યું ?

**જ. મીઠા વ્હાલા કેમ વિસરું મારું તમથી બાંધેલ તન હોં...**

**૧૦.** અમદાવાદમાં સાધુઓની મંડળીએ ક્યાં મુકામ કર્યો ?

**જ. અમદાવાદમાં સાધુઓની મંડળીએ ગામ બહાર દરિયાખાના ઘુંમટ પાસે ભુતિયા આમલીઓનું ઝુંડ હતું ત્યાં મુકામ કર્યો.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. આવા સાધુને.....

**જ. આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો.**

૨. ગાફલાઇ ટાળવાનું કારણ.....

**જ. ગાફલાઇ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઇક શિક્ષા કરે ત્યારે ટળે.**

૩. આપણે તો.....

**જ. આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.**

૪. કેટલેક રૂપિયે આંખ,.....

**જ. કેટલેક રૂપિયે આંખ, કાન, નાક આદિક ઇંદ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે.**

૫. કરોડ કામ બગાડીને.....

**જ. કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું?**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. માતાપિતાને પાયે ......... રાખો ચરણે અમને.

**જ. માતાપિતાને પાયે પડશું, સંતજનોને ચરણે નમશું,**
**દેવ મંદિરે દર્શન કરશું, દંડવત્ કરશું, કીર્તન કરશું...**
**અક્ષરને મન ભાવ્યા અમે, પુરુષોત્તમને જાણ્યા અમે,**
**વંદન કરીએ ગુરુજી તમને, સદાય રાખો ચરણે અમને.**

૨. ગુણાતીતોઽક્ષરં ......... ભવબન્ધનાત્ ॥

**જ. ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ, ભગવાન્ પુરુષોત્તમ : ।**
**જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥**

૩. આઠડે આઠ, ......... અક્ષરધામમાં જવાય.

**જ. આઠડે આઠ, મૂકી દે જગનો ઠાઠ... મારા બંધુ.**
**નવડે નવ, તરી જા તું આ ભવ...મારા બંધુ.**
**એકડે મીંડે દસ, અધર્મમાંથી ખસ... મારા બંધુ.**
**એવી રીતે ભજાય, તો અક્ષરધામમાં જવાય.**

૪. ૐ સહ નાવવતુ ......... ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

**જ. ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।**

**તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।**

૫. પુરુષોત્તમ પ્રગટનું ......... સુગમ કરી સીધી...જય.

**જ. પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે; (૨)**

**કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે... જય.**

**આ અવસર કરૂણાનિધિ કરૂણા બહુ કીધી; (૨)**

**મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સીધી...જય.**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં) [૧૦]**

**૧.** મંદિર

**૨.** શિક્ષાપત્રીમાં મહારાજે શું શું ન કરવાની આજ્ઞા કરી છે?

**૩.** સૂરજની પેઠે